અમદાવાદનાં મહે.એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૬,અમદાવાદ.

ફોજદારી કેસ નં.૭૨૧૭૮/૨૧.
આંક–૦૪

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરૂઘ્ઘ

આરોપીઃ– વિજયભાઇ ઇશ્વરભાઇ ગુરનાની ,
રહે.મ.નં.૩૦, દેવશ્રૃષ્ટી, સોસા.,મોટેરા,
સાબરમતી, અ'વાદ.

**ગુન્હોઃ– આઇ.પી.સી.કલમ–૨૮૩ મુજબ**

## // હુકમ //

(૧) આ કામનાં હાલનાં આરોપી વિરૂઘ્ઘમાં ઇ.પી.કો.કલમ–૨૮૩ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે. આરોપી વિરૂઘ્ઘ એવો આક્ષેપ છે કે, આરોપીએ તા.૩૦–૦૧–૨૦૨૧ નાં જાહેરમાં જાહેર રોડ ઉપર ટ્રાફિકને અડચણ થાય તથા રાહદારીઓને અડચણ થાય તે રીતે કૃત્ય કરેલ છે. આથી આરોપી સામે હાલનું આઇ.પી.સી. કલમ–૨૮૩ મુજબનાં ગુન્હાનું ચાર્જશીટ પોલીસે કરેલ છે, તેને ફોજદારી કેસ રજીસ્ટ્રરે લઇ કોગ્નીજન્સ લેવામાં આવેલ છે.

(૨) આરોપી આજરોજ હાજર થઇ ગુન્હાની કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીને સમજાવવામાં આવે છે કે, તેઓ ગુન્હો કબુલ કરવા માટે બંધાયેલા નથી અને જો ગુન્હો કબુલ કરશે તો પુરસીસનો ઉપયોગ તેમની વિરૂઘ્ઘમાં પુરાવા તરીકે કરી યોગ્ય તે સજા અંગે હુકમ કરવામાં આવશે. ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ કરેલ છે. જેથી આરોપીને કબુલાત સ્વૈચ્છીક હોવાનુ જણાય છે. આરોપીને તહોમત સંભળાવી પ્લી રેકર્ડ કરતા તેમા પણ ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. આથી આરોપીને ચાર્જશીટ મુજબનાં ગુન્હા અંગે દોષિત ઠરાવવામાં આવે છે.

(૩) આરોપીને સજા બાબતે પુછતા આરોપી જણાવે છે કે, આ તેમનો પ્રથમ

ગુન્હો છે અને ગુન્હા બદલ તેમને પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ ગુન્હો કરશે નહિ. અગાઉ આવો ગુન્હો કરેલ નથી. જેથી તેમના ઉપર દયા રાખવા અરજ ગુજારે છે.

(૪) આરોપીની રજુઆત ધ્યાને લીધી, ગુન્હાનો પ્રકાર અને સજાની જોગવાઇ ધ્યાને લીધી. તે હકીકત છે કે, આરોપીનો પ્રથમ ગુન્હો છે અને અગાઉ આવા પ્રકારનો કોઈ ગુન્હો કરેલ નથી અને ગુન્હા બદલ આરોપી પસ્તાવો વ્યકત કરે છે. આમ, આ તમામ હકીકત ધ્યાને લેતા આરોપીને વધુ સજા નહી કરતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

૧. આરોપીને ઇ.પી.કો.કલમ–૨૮૩ નાં ગુન્હા માટે ક્રિમીનલ પ્રોસીઝર એક્ટની કલમ–૨૫૨ અન્વયે સજામાં રૂા.૨૦૦/–(અંકે રૂપિયા બસો) પુરાનો દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો બે દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ અંગે વચગાળાનો થયેલ હુકમ શરતો રદ કરી કાયમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૩૦/૦૬/૨૦૨૧

**(આર.બી. ઇટાલીયા)**
એડી.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૬,અમદાવાદ.